| | |
|---|---|
| **Date:** 25.6.2021 | **Publication:** Jai Hind |
| **Page no.:** 11 | **Edition:** Ahmedabad |
| **Headline:** Bajaj Allianz General Insurance distributes ambulances under its Saving Lives initiative | |

# બજાજ એલિયાન્ઝ જનરલ ઈન્શ્યુરન્સે તેની સેવિંગ લાઈવ્ઝ પહેલો હેઠલ એમ્બ્યુલન્સોનું વિતરણ કર્યું

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ તા. ૨૪

બજાજ એલિયાન્ઝ જનરલ ઈન્શ્યુરન્સ દ્વારાજાનકીદેવી બજાજ ગ્રામ વિકાસ સંસ્થા સાથે સહયોગમાં કંપનીની સેવિંગ લાઈવ્ઝ પહેલાના ભાગરૂપે ૧૭ શહેરમાં ૧૭ આધુનિક લાઈફ સપોર્ટ એમ્બ્યુલન્સોનું વિતરણ કર્યું હતું. કોવિડ-૧૯ મહામારીની ખાસ કરીને બીજી લહેરે આરોગ્ય સંભાળ સુવિધાઓમાં ખેંચ ઉભી કરી છે. આ સંજોગોમાં એમ્બ્યુલન્સો વિતરણ કરવાનો પાછળનો વિચાર વિવઈધ સ્થળે આરોગ્ય સંભાળ સુવિધાઓમાં યોગદાનને સક્ષમ બનાવવાનો છે, જેથી જીવન બચાવવામાટે મહત્વપૂર્ણ કલાકોમાં યોગ્ય સંભાળ મળી શકે.

આ આધુનિક લાઈફ સપોર્ટ એમ્બ્યુલન્સો દર્દીને આરામદાયક રીતે લાવવા લઈ જવા માટે પૂરતા તબીબી ઉપકરણો ધરાવે છે. તેમ જ દર્દી તબીબી એકમ સુધી પહોંચે ત્યાં સુધી યોગ્ય મહત્વપુર્ણ સંભાળ પણ આપે છે. આ એમ્બ્યુલન્સો પુણે, મુંબઈ,નાગપુર, દિલ્હી, પટના, જમ્મુ, લખનૌ, ઈન્દોર, બેન્ગલુરુ, હૈદરાબાદ, ચેન્નાઈ, કોલકતા, અમદાવાદ, ચંડીગઢ, ગૌહાટી, કોચી અને ભુવનેશ્વર સહિત ૧૭ શહેરોમાં ઉપલબ્ધ છે.